| દાખલ તારીખ | ૧૨/૦૯/૨૦૨૫ |
|---|---|
| નોંધ્યા તારીખ | ૧૨/૦૯/૨૦૨૫ |
| ફેંસલ તારીખ | ૦૨/૦૫/૨૦૨૬ |
| સમયગાળો | દિવસ–મહીનો–વર્ષ |
| | |

सत्यमेव जयते

# અરવલ્લીના મહેરબાન એડીશ્નલ સેશન્સ જજશ્રી તથા સ્પેશ્યલ જજ(પોક્સો)ની કોર્ટ સમક્ષ, મુ.મોડાસા, જી. અરવલ્લી

====================================================

## –।। પોક્સો કેસ નં. ૫૯/૨૦૨૫ ।।–

====================================================

**આંક–**

**ફરિયાદીઃ–** શ્રી સરકાર

**વિરૂદ્ધ**

**આરોપીઃ–** સચીનકુમાર કનુસિંહ કાળુસિંહ ચૌહાણ
ઉં.આ.વ.૨૨, ધંધોઃ––,
રહેવાસીઃ શામપુર તા.મોડાસા જી.અરવલ્લી

====================================================

**ગુનો:–ભારતીય ન્યાય સંહિતાની કલમ– ૬૪(૧), ૬૫(૧), ૭૫(૨), ૩૫૧(૩) તથા જાતિય ગુનાઓ સામે બાળકોને રક્ષણ આપતો અધિનિયમ ૨૦૧૨ ની કલમ– ૪, ૮, ૧૨ મુજબના**

====================================================

- ફરિયાદી તરફે વિ. પ્રોસીક્યુટર શ્રી ડી.એસ.પટેલ.
- આરોપી તરફે વિ.ધારાશાસ્ત્રી શ્રી કે.કે.વણકર

## પત્રક–બી

| | |
|---|---|
| ગુનાની તારીખ | ૩૦–૦૧–૨૦૨૫ થી<br>૨૨–૦૭–૨૦૨૫ |
| એફ.આઇ.આર.ની તારીખ | ૨૨–૦૭–૨૦૨૫ |
| આરોપનામાની તારીખ | ૧૨–૦૯–૨૦૨૬ |
| આરોપના ધડતરની તારીખ | ૨૪–૧૨–૨૦૨૫ |
| પુરાવા પ્રારંભની તારીખ | ૧૯–૦૧–૨૦૨૬ |
| ચુકાદો અનામત રખાયાની તારીખ | ૦૧–૦૫–૨૦૨૬ |
| ચુકાદાની તારીખ | ૦૨–૦૫–૨૦૨૬ |
| સજાના હુકમની, જો કોઇ હોય તો તારીખ | – |

## આરોપીની વિગત

| | |
|---|---|
| આરોપીનો ક્રમ | ૧ |
| આરોપીનું નામ | સચીનકુમાર કનુસિંહ કાળુસિંહ ચૌહાણ |
| ધરપકડ થયાની તારીખ | ૨૩–૦૭–૨૦૨૫ |
| જામીન મુકત થયા તારીખ | ૨૧–૦૪–૨૦૨૬ |
| કરાયેલ આરોપ | ભારતીય ન્યાય સંહિતાની કલમઃ– ૬૪(૧), ૬૫(૧), ૭૫(૨), ૩૫૧(૩) તથા પોકસો એકટ કલમ– ૪,૮,૧૨ |
| શું ગુના મુકત અથવા દોષિાત ફરમાવેલી શિક્ષા | દોષમુકત |
| ફોજદારી કાર્યવાહી સંહિતાની કલમ– | – |

| | |
|---|---|
| ૪૮૨ ના હેતુસર ટ્રાયલ દરમીયાન જોગવાઇ અટકાયતનો સમયગાળો | |

# **: J U D G M E N T :**

૧. આરોપી **ભારતીય ન્યાય સંહિતાની કલમ:-૬૪(૧), ૬૫(૧), ૭૫(૨), ૩૫૧(૩) તથા જાતિય ગુનાઓ સામે બાળકોને રક્ષણ આપતો અધિનિયમ ૨૦૧૨ (હવે પછી પોકસો એકટ તરીકે ઉલ્લેખ કરેલ છે.)ની કલમ-૪,૮,૧૨** મુજબના શિક્ષા પાત્ર ગુના અંગેની ઈન્સાફી કાર્યવાહીનો સામનો કરી રહેલ છે.

૨. **ફરીયાદી (સાહેદ નં.૧) કે જે આ કામના ભોગબનનારના માતા છે તેઓએ** તા.૨૨/૦૭/૨૦૨૫ નારોજ મોડાસા રૂરલ પોલીસ સ્ટેશન સમક્ષ ફરીયાદ આપેલી જે ફરીયાદ **મોડાસા રૂરલ પોલીસ સ્ટેશન ગુના રજીસ્ટર નંબર ૧૧૧૮૮૦૦૮૨૫૦૫૩૩/૨૦૨૫ થી** ભારતીય ન્યાય સંહિતાની કલમ:- ૬૪(૧), ૬૫(૧), ૭૫(૨), ૩૫૧(૩) તથા પોકસો એકટની કલમ- ૪, ૮, ૧૨ મુજબના ગુના સબબ આરોપી વિરુધ્ધ નોંધવામાં આવેલ અને ત્યારબાદ ગુનાની તપાસ, તપાસ કરનાર અધિકારીએ શરુ કરેલી અને આરોપી મળી આવતા આરોપીને અટક કરેલા.ભોગબનનારનું નિવેદન નોંધેલ. ત્યારબાદ તપાસ કરનાર અધિકારીએ ભોગબનનારનું બી.એન.એસ.એસ. ની કલમ- ૧૮૩ મુજબનું નિવેદન લેવા માટે કાર્યવાહી કરેલી અને ત્યારબાદ જરૂરી પંચનામા કરી તથા સાહેદના નિવેદન લઇ આરોપી વિરુધ્ધ પુરતો પુરાવો જણાતા આરોપી વિરુધ્ધ **ભારતીય ન્યાય સંહિતાની કલમ:-૬૪(૧), ૬૫(૧), ૭૫(૨), ૩૫૧(૩) તથા પોકસો એકટની કલમ-૪,૮,૧૨** મુજબના શિક્ષાને પાત્ર ગુનાનું તહોમતનામું વિશેષ અદાલત સમક્ષ રજૂ કરેલ.

...3

૩. **ફરીયાદ મુજબ ટૂંકમાં હકીકત એ પ્રકારે છે કે** આ કામના ભોગબનનારને આરોપીએ અવાર નવાર સ્કુલ જતા રસ્તામાં રોકી ભોગબનનારને કહેતો કે તુ મારી સાથે વાત કર નહી તો હુ તારા ભાઇને મારી નાખીશ તેવી ધમકી આપતો હતો. ભોગબનનાર ગામમાં કે ખેતરમાં જતી ત્યારે આરોપી તેણીને અવાર નવાર મળતા અને હાથ પકડતા અને અડપલા કરતા હતા પણ ભોગબનનાર બીકના લીધે ઘરે વાત કરતી ન હતી. તા–૩૦/૦૧/૨૦૨૫ ના રોજ રાત્રે ભોગબનનાર તેમના ઘરમાં છેલ્લા ખંડમાં વાંચવા બેસેલ હતી તે દરમ્યાન આશરે એકાદ વાગે આરોપી પાછળના દરવાજાથી ઘરમાં આવી અને ભોગબનનાર સાથે તેમની મરજી વિરુધ્ધ શારીરીક સંબંધ બાંધેલ હતો અને જો આ વાત કોઇને કરી તો હુ તારા ભાઇને જાનથી મારી નાખીશ તેવી ધમકીઓ આપેલ હતી. ત્યારબાદ આ આરોપી અવાર નવાર ભોગબનનારના ઘરે રાત્રે આવતો હતો અને ભોગબનનારની મરજી વિરુધ્ધ શારીરીક સંબંધ બાંધતો હતો અને ભોગબનનાર કોઇને વાત ન કરે એટલે તેમને ધમકીઓ આપતો હતો.

આમ, આરોપીએ ભોગબનનાર કે જેની ઉંમર ૧૫ વર્ષ ૧૦ મહીના અને ૨૬ દિવસ ની હતી તેણીને તેના ભાઇને મારી નાખવાની ધમકી આપી આરોપીએ અવાર નવાર હાથ પકડી અડપગલા કરી ભોગબનનારની મરજી વિરુધ્ધ ભોગબનનાર સાથે શારીરીક સંબંધ બાંધી ગુનો કરેલ હોય તેમના વિરુધ્ધ ફરીયાદ કરેલ છે.

૪. તપાસ કરનાર અધિકારીશ્રી ધ્વારા રજુ કરવામાં આવેલ ચાર્જશીટ દાખલ કરી, આરોપી જયુડીશીયલ કસ્ટડીમા હોય તેમને જેલમાંથી હાજર રખાવતા આરોપીને ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ–૨૩૦ અન્વયે હાલના ચાર્જશીટ સાથેના તમામ પોલીસ કાગળોની વિનામુલ્યે નકલો પુરી પાડવામાં આવેલ છે.

**૫.** તહોમત સંબંધે પક્ષકારોની દલીલ તથા રજુ થયેલ દસ્તાવેજી પુરાવા લક્ષમાં લઈ આરોપી વિરૂદ્ધ **ભારતીય ન્યાય સંહિતાની કલમ:- ૬૪(૧), ૬૫(૧), ૭૫(૨), ૩૫૧(૩) તથા પોક્સો એક્ટની કલમ-૪, ૮, ૧૨** મુજબના ગુન્હા સબબ તહોમત ફરમાવવા માટે પુરતા અને વ્યાજબી કારણો જણાતા હોય **આંક-૦૮** થી તહોમત ફરમાવેલ છે અને આરોપીએ તેમના વિરૂદ્ધના ગુના સબબ ઈન્કાર કરતા **આંક-૦૯ હેઠળ આરોપીનું પ્રાથમિક નિવેદન** નોંધવામાં આવેલ અને ત્યારબાદ ગુનાની ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ છે.

**૬.** ફરીયાદપક્ષ તરફે કેસ પુરવાર કરવા નીચે મુજબના મૌખિક તથા દસ્તાવેજી પુરાવાઓ રજુ કરેલ છે.

| -: મૌખિક પુરાવાઓ :- | | | |
|---|---|---|---|
| **સાહેદ નં.** | **આંક** | **સાહેદનું નામ** | **સાહેદનો પ્રકાર** |
| ૧. | ૧૧ | રૂપલબેન બળવંતસિંહ ચૌહાણ | ફરીયાદી |
| ૨. | ૧૩ | ભોગબનનાર | ભોગબનનાર |
| ૩. | ૧૫ | ડો.મેહુલભાઇ દેવકરણભાઇ પટેલ | તબીબી સાહેદ |
| ૪. | ૧૮ | ડો.કૌમીલ ભરતભાઈ શાહ | તબીબી સાહેદ |
| ૫. | ૨૬ | કરણસિંહ દિલીપસિંહ ગોહીલ | ત.ક.અમલદાર |
| **-: દસ્તાવેજી પુરાવાઓ :-** | | | |
| **નંબર** | **આંક** | **દસ્તાવેજની વિગત** | **કયા સાહેદમાં પુરવાર થયેલ છે.** |
| ૧. | ૧૨ | ફરીયાદ | સાહેદ નં.૧ |
| ૨. | ૧૪ | બી.એન.એસ.એસ.ની કલમ ૧૮૩ મુજબનું ભોગબનનારનું નિવેદન | સાહેદ નં.૨ |

| | | | |
|---|---|---|---|
| ૩. | ૧૬ | ભોગબનનારનો યુરીન પ્રેગનન્સી ટેસ્ટ રીપોર્ટ | સાહેદ નં.૩ |
| ૪. | ૧૭ | ભોગબનનારનું શારીરીક તપાસણી સર્ટીફીકેટ | સાહેદ નં.૩ |
| ૫. | ૧૯ | ભોગબનનારનું શારીરીક તપાસણી સર્ટીફીકેટ | સાહેદ નં.૪ |
| ૬. | ૨૨ | ગુનાવાળી જગ્યાનું  પંચનામું | આરોપી તરફે કબુલ રાખેલ છે. |
| ૭. | ૨૩ | ભોગબનનારના કપડાનું પંચનામું | આરોપી તરફે કબુલ રાખેલ છે. |
| ૮. | ૨૪ | આરોપીની શરીર સ્થિતીનું પંચનામું | આરોપી તરફે કબુલ રાખેલ છે. |
| ૯. | ૨૫ | આરોપીનું શારીરીક તપાસણી સર્ટીફીકેટ | આરોપી તરફે કબુલ રાખેલ છે. |
| ૧૦. | ૨૭ | સુચિપત્ર | સાહેદ નં.૫ |
| ૧૧. | ૨૮ | ભોગબનનનરનું શાળા છોડયાનું પ્રમાણપત્ર | સાહેદ નં.૫ |
| ૧૨. | ૨૯ | ભોગબનનનરનું જન્મનું પ્રમાણપત્ર | સાહેદ નં.૫ |
| ૧૩. | ૩૦ | સરકારી પંચો ફાળવવાની યાદી | સાહેદ નં.૫ |
| ૧૪. | ૩૧, ૩૨ | ભોગબનનારની મેડીકલ તપાસ કરાવવા યાદીઓ | સાહેદ નં.૫ |
| ૧૫. | ૩૩ | મદ્દામાલ રવાનગીપત્રક | સાહેદ નં.૫ |
| ૧૬. | ૩૪ | મુદ્દામાલ મળ્યાની પહોંચ | સાહેદ નં.૫ |
| ૧૭. | ૩૫ | બાયોલોજી અને સીરોલોજી પૃથ્થકરણ અહેવાલ | સાહેદ નં.૫ |

– ત્યારબાદ વિ.પ્રોસીક્યુટરશ્રી દ્વારા આંક–૩૬ થી પુરાવો બંધ કરવાની પુરસીસ આપેલ છે.

**૭.** ફરિયાદ પક્ષનો પુરાવો પુરો થયા બાદ આરોપીનું બી.એન.એસ.એસ.ની કલમ ૩૫૧ અન્વયે વિશેષ નિવેદન નોંધવામાં આવેલ છે જેમાં આરોપીને તેમના વિરૂદ્ધ પડેલ પુરાવા સબબ ખુલાસો કરવાનું જણાવતા આરોપીએ જણાવેલ છે કે, આરોપી નિર્દોષ છે. તેમના પર ખોટો કેસ કરેલો છે.

૮. ફરીયાદપક્ષ તરફે વિ.પ્રોસીકયુટર શ્રી ડી.એસ.પટેલ તથા આરોપી તરફે વિ.ધારાશાસ્ત્રી શ્રી કે.કે.વણકરની મૌખિક દલીલો સાંભળી.

૯. કેસનો નિર્ણય કરવા સારુ નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થયેલ છે.

| | |
|---|---|
| **મુદ્દા નં.૧** | શું ફરીયાદ પક્ષ વ્યાજબી શંકાથી પર રહી પુરવાર કરે છે કે ભોગબનનાર સગીરવયની છે? |
| **નિર્ણય** | **નકારમાં** |
| **મુદ્દા નં.૨** | શું ફરીયાદ પક્ષ વ્યાજબી શંકાથી પર રહી પુરવાર કરે છે કે આરોપીએ **ભારતીય ન્યાય સંહિતાની કલમ-૭૫(૨) મુજબનો શિક્ષાને પાત્ર ગુન્હો કરેલ છે?** |
| **નિર્ણય** | **નકારમાં** |
| **મુદ્દા નં.૩** | શું ફરીયાદ પક્ષ વ્યાજબી શંકાથી પર રહી પુરવાર કરે છે કે આરોપીએ **ભારતીય ન્યાય સંહિતાની કલમ-૬૪(૧), ૬૫(૧)મુજબનો શિક્ષાને પાત્ર ગુન્હો કરેલ છે?** |
| **નિર્ણય** | **નકારમાં** |
| **મુદ્દા નં.૪** | શું ફરીયાદ પક્ષ વ્યાજબી શંકાથી પર રહી પુરવાર કરે છે કે આરોપીએ **ભારતીય ન્યાય સંહિતાની કલમ-** |

| | |
|---|---|
| | **૩૫૧(૩) મુજબનો શિક્ષાને પાત્ર ગુન્હો કરેલ છે?** |
| **નિર્ણય** | **નકારમાં** |
| **મુદ્દા નં.૫** | શું ફરીયાદ પક્ષ વ્યાજબી શંકાથી પર રહી પુરવાર કરે છે કે આરોપીએ **પોક્સો એકટની કલમ– ૪,૮,૧૨ મુજબનો શિક્ષાને પાત્ર ગુન્હો કરેલ છે?** |
| **નિર્ણય** | **નકારમાં** |
| **મુદ્દા નં.૬** | **શું હુકમ ?** |
| **નિર્ણય** | **આખરી હુકમ મુજબ** |

## // ન્યાયિક નિર્ણય અંગેના કારણો //

**૧૦.** પક્ષકારો તરફથી દલીલો તથા રજુ થયેલ દસ્તાવેજી તથા મૌખિક પુરાવા તથા સંબંધિત કાયદાકીય જોગવાઈઓ ધ્યાને લીધી.

**૧૧.** **મુદ્દા નં.૧ અંગે : –**

આરોપી વિરુધ્ધ પોકસો એકટ મુજબના ગુન્હાનું તહોમત ફરીયાદપક્ષ તરફથી મુકવામાં આવેલ છે. આ ગુન્હાના તત્વો સાબિત કરવા માટે ભોગબનનાર બનાવસ સમયે સગીર વયના હતા કે કેમ? તે હકીકત ફરીયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરવી જોઈએ. ભારતીય પુરાવા અધિનિયમની જોગવાઈ મુજબ ભોગબનનાર સગીર છે કે કેમ? તે હકીકત પુરવાર કરવાનો બોજો તે ફરીયાદપક્ષ તરફે છે. આ તબકકે **નામદાર સુપ્રિમ કોર્ટ જર્નેલસીંહ વિ. સ્ટેટ ઓફ હરીયાણા (૨૦૧૩(૭) SCC ૧૬૩)** નો ચુકાદો ધ્યાનમાં લેવા પાત્ર થાય છે. જેમાં નામદાર સુપ્રીમ કોર્ટે પ્રતિપાદીત કરેલ છે કે

while considering the issue of determination of age of a minor

> victim, has analysed the scope of Rule 12 of the Juvenile Justice (Care and Protection of Children) Rules, 2007 (here inafter referred to as'J.J. Rules 2007').The Supreme Court has held that though Rule 12 is strictly applicable only to determine the age of the child in conflict with law,the said statutory provision should also be the basis for determination age, even of a child, who is a victim of crime.

એટલે કે **સગીર ભોગબનનારની ઉંમર નકકી કરવાના મુદ્દા પર વિચાર કરતી વખતે જુવેનાઇલ જસ્ટીસ (બાળકોની સંભાળ અને સંરક્ષણ – નિયમો, ૨૦૦૭ ના નિયમ) ૧૨ ના અવકાશનું વિશ્લેષણ કર્યું છે.** નામદાર સુપ્રીમ કોર્ટે ઠરાવ્યું કે નિયમ ૧૨ ફકત કાયદા સાથે સંઘર્ષમાં રહેલા બાળકની ઉંમર નકકી કરવા માટે જ લાગુ પડે છે છતાં ઉપરોકત કાયદાકીય જોગવાઇ વય નકકી કરવા માટેનો આધાર હોવો જોઇએ, ભલે તે બાળક ગુનાનો ભોગ બનેલો હોય, પોકસો એકટની કલમ ૩૪ માં ભોગબનનારની ઉંમર કેવી રીતે નકકી કરવી તેની જોગવાઇ આપેલી છે. જે મુજબ પણ ભોગબનનારની ઉંમર જુવેનાઇલ જસ્ટીસ એકટમાં જણાવેલ પદ્ધતિ પ્રમાણે નકકી કરવાનું જણાવેલ છે. જુવેનાઇલ જસ્ટીસ એકટની કલમ–૯૪ અન્વયે કાયદાના સંઘર્ષમાં આવેલ કિશોરની ઉંમર નકકી કરવા માટેની જોગવાઇ છે. જે જોગવાઇ ભોગબનનારની ઉંમર નકકી કરવા માટે પણ ઘ્યાને લઇ શકાય અને આ જોગવાઇને ઘ્યાને લેતાં ઉંમર નકકી કરવાનું પરીબળ નીચે મુજબ છે.

(૧) શાળામાંથી જન્મના પ્રમાણપત્રની તારીખ અથવા સંબંધિત પરીક્ષા બોર્ડ પાસેથી મેટ્રીક્યુલેશન અથવા તે સમાન પ્રમાણપત્ર, જો ઉપલબ્ધ હોય તો અને તેની ગેરહાજરીમાં,

(૨) કોર્પોરેશન અથવા મ્યુનિસિપલ સત્તાધિકારી અથવા પંચાયત દ્વારા આપવામાં આવેલ જન્મનું પ્રમાણપત્ર,

(૩) ઉપરોક્ત (૧) અને (૨) ની ગેરહાજરીમાં જ, સમિતિ અથવા બોર્ડના હુકમ મુજબ કરવામાં આવેલ ઓસિફિકેશન ટેસ્ટ અથવા અન્ય કોઇ તાજેતરનું તબીબી ઉંમર ચકાસણી પરીક્ષાના આધારે ઉંમર નક્કી કરવાની રહેશે,

જે મુજબ જોવામાં આવે તો ભોગબનનારની ઉમર નકકી કરવા (૧) શાળાએ આપેલ જન્મનું પ્રમાણપત્ર (૨) પરીક્ષા બોર્ડનું મેટ્રીકયુલેશન પ્રમાણપત્ર, (૩) જન્મ-મરણ નોંધણી રજીસ્ટ્રારે આપેલ જન્મનું પ્રમાણપત્ર ધ્યાનમાં લેવાનું થાય છે અને જો આ ત્રણેય ના હોય તો ઓસીફીકેશન ટેસ્ટ દ્વારા ઉંમરની ચકાસણી કરી શકાય છે.પ્રસ્તુત કેસમાં ફરીયાદપક્ષે **ફરીયાદી (સાહેદ નં.૧) નાએ આંક-૧૧** થી અદાલત સમક્ષ પુરાવો આપેલ છે જેમાં તેઓએ જણાવેલ છે કે **ભોગબનનારની જન્મ તારીખ તેમને ખબર નથી.બનાવ વખતે ભોગબનનાર ધોરણ-૧૧ માં અભ્યાસ કરતી હતી.બનાવ વખતે ભોગબનનારની ઉંમર ૧૭ વર્ષની હતી.**ત્યારબાદ **ભોગબનનારે (સાહેદ નં.૨) નાએ આંક-૧૩** થી અદાલત સમક્ષ પુરાવો આપેલ છે જેમાં તેઓએ જણાવેલ છે કે **મારી જન્મ તારીખ ૨૬/૦૮/૨૦૦૯ ની છે. હુ ધોરણ-૧૧ માં અભ્યાસ કરુ છુ.બનાવ વખતે મારી ઉમર કેટલી હતી તે મને ખબર નથી.** વધુમાં, ફરીયાદપક્ષે **તપાસ કરનાર અમલદાર કરણસિંહ દિલીપસિંહ ગોહિલ (સાહેદ નં.૫) નાએ અદાલત સમક્ષના પુરાવામાં આંક-૨૮ થી ભોગબનનારનું શાળા છોડયાનું પ્રમાણપત્ર તથા આંક-૨૯ થી ભોગબનનારનું જન્મનું પ્રમાણપત્ર રજુ કરેલ છે જેમાં ભોગબનનારની જન્મ તારીખ:- ૨૬/૦૮/૨૦૦૯ ની છે.** પરંતુ આંક-૨૮ તથા આંક-૨૯ વાળા પ્રમાણપત્રો પુરવાર કરવા માટે ફરીયાદપક્ષે તે પ્રમાણપત્રો ઇસ્યુ કરનાર શાળાના જવાબદાર અધિકારી કે જન્મ મરણ નોંધણી અધિકારીને તપાસેલ નથી અને દસ્તાવેજને માત્ર આંકે પાડવાથી

પુરવાર થયેલો ગણાય નહી. ફરીયાદપક્ષે આંક-૨૮ તથા આંક-૨૯ વાળા દસ્તાવેજો યોગ્ય રીતે પુરવાર કરવો જોઇએ જે પુરવાર કરવામાં ફરીયાદપક્ષ નિષ્ફળ નીવડેલ છે.આમ, ભોગબનનારની જન્મ તારીખ બાબતે માહીતીનો સ્ત્રોત ફરીયાદી, ત.ક.અમલદાર કે ભોગબનનારના પુરાવા મારફત પણ જણાતુ નથી. **આમ, સમગ્ર હકીકત ધ્યાને લેતા બનાવ વખતે ભોગબનનાર પોક્સો એકટની કલમ - ૨(ડી) મુજબ સગીર હોવાનું પુરવાર થતું ન હોય જેથી મુદ્દા નં.૧ નો જવાબ 'નકારમાં' આપવામાં આવે છે.**

**૧૨. <u>મુદ્દા નં.૨ અંગે</u> :-**

(૧) આરોપી વિરુધ્ધ ભારતીય ન્યાય સંહિતાની કલમ-૭૫(૨)મુજબનું તહોમત છે**.<u>ભારતીય ન્યાય સંહિતાની કલમ-૭૫(૨)</u>** નીચે મુજબ છે.

**નીચેનામાંથી કોઈ પણ કૃત્ય કરનાર પુરુષ:**

૧. અનિચ્છનીય અને સ્પષ્ટ જાતીય ઇચ્છાઓ સાથે **શારીરિક સંપર્ક** અને આગળ વધવું; અથવા

૨. **જાતીય ઇચ્છાઓની માંગ** અથવા વિનંતી કરવી; અથવા

૩. સ્ત્રીની ઇચ્છા વિરુદ્ધ **પોર્નોગ્રાફી બતાવવી;** અથવા

૪. **જાતીય રંગીન ટિપ્પણી** કરવી, જાતીય સતામણીના ગુના માટે દોષિત ઠરશે.

(૨) કોઈપણ પુરુષ જે પેટા-કલમ (૧) ની કલમ (૧) અથવા કલમ (૨) અથવા કલમ (૩) માં ઉલ્લેખિત ગુનો કરે છે તેને ત્રણ વર્ષ સુધીની સખત કેદની સજા અથવા દંડ અથવા બંને સજા થશે.

એટલે કે ઉપરોકત ગુનો પુરવાર કરવા ફરીયાદપક્ષે પુરવાર કરવું જોઇએ કે (૧) આરોપી જાતિય ઇચ્છાઓ સાથે શારીરીક સંભોગ કરેલ છે.અથવા (૨) આરોપીએ જાતિય ઇચ્છાની માંગ કરેલ છે. અથવા (૩) આરોપીએ પોર્નોગ્રાફી બતાવેલ છે. અથવા (૪) આરોપીએ જાતિય રંગીન ટિપ્પણી કરેલ છે. આ સંદર્ભમાં પ્રસ્તુત કેસની હકીકત ધ્યાનમાં લેવામાં આવે તો આંક-૧૨ થી ફરીયાદ રજુ થયેલ છે. જે ફરીયાદ મુજબ એવી હકીકત છે કે આરોપીએ ભોગબનનારને તેના ભાઇને મારી નાખવાની ધમકી આપી અવાર નવાર હાથ પકડી અડપલા કરી ભોગબનનારની મરજી વિરુધ્ધ ભોગબનનાર સાથે શારીરીક સંબંધ બાંધી ગુનો કરેલ છે.આ સંદર્ભે ભોગબનનારનો પુરાવો ઘણો મહત્વનો છે. પ્રથમ ભોગબનનારનો પુરાવો જોવામાં આવે તો **ભોગબનનારે આંક-૧૩** થી અદાલત સમક્ષ પુરાવો આપેલ છે. જેમાં તેણીએ જણાવેલ છે કે ફરીયાદ તેમની માતાએ આપેલી.બનાવ આશરે એક વર્ષ પહેલા બનેલો.બનાવમાં પ્લોટ બાબતે બોલાચાલી થયેલી.તે સીવાય બીજુ કશું બનેલ નહી.આમ, ભોગબનનારે ફરીયાદને સમર્થન આપેલ ન હોય ફરીયાદપક્ષે તેઓને ફરી ગયેલા જાહેર કરેલ છે અને વિ.પ્રોસીકયુટર દ્વારા તેઓની ઉલટ તપાસ કરવામાં આવેલી છે જેમાં પણ તેઓએ કોઇ મહત્વની હકીકત જણાવેલ નથી.આરોપી તરફે સાહેદની ઉલટ તપાસ લેવામાં આવેલી છે જેમાં સાહેદે સ્વીકારેલ છે કે,

> ''એ વાત ખરી છે કે આરોપી અને મારુ ઘર સામીસામે આવેલ છે અને વચ્ચે રોડ છે. એ વાત ખરી છે કે પ્લોટ બાબતે અમારી વચ્ચે તકરાર ચાલે છે.એ વાત ખરી છે કે બનાવના દિવસે પણ પ્લોટ બાબતે ઝગડો થયેલો.એ વાત ખરી છે કે આરોપીએ મારી સાથે કોઇ શારીરીક સંબંધ બાંધેલ નથી.''

ત્યારબાદ આ કામે મહત્વના સાહેદ એવા **ફરીયાદી કે જે ભોગબનનારના માતા છે તેમને ફરીયાદપક્ષે આંક-૧૧** થી પુરાવો આપેલ છે.જેમા તેઓએ જણાવેલ છે કે બનાવ આશરે પાંચ-છ માસ

પહેલા બનેલો.બનાવમાં તેમને પ્લોટ માટે આરોપી સાથે માથાકુટ થયેલી.તે સીવચ બીજુ કશુ બનેલ નહી.તેમની ભોગબનનાર દીકરી બાબતે કોઇ બનાવ બનેલો નહી. આમ, ફરીયાદીએ ફરીયાદને સમર્થન આપેલ ન હોય ફરીયાદપક્ષે તેઓને ફરી ગયેલા જાહેર કરેલ છે અને વિ.પ્રોસીકયુટર દ્વારા તેઓની ઉલટ તપાસ કરવામાં આવેલી છે જેમાં પણ તેઓએ કોઇ મહત્વની હકીકત જણાવેલ નથી.આરોપી તરફે સાહેદની ઉલટ તપાસ લેવામાં આવેલી છે જેમાં સાહેદે સ્વીકારેલ છે કે,

> ''એ વાત ખરી છે કે ઘરની સામે પ્લોટ છે તે બાબતે આરોપીઓ સાથે તકરાર ચાલે છે. એ વાત ખરી છે કે તે સંબંધે આરોપીઓ સાથે બોલાચાલી થયેલી. એ વાત ખરી છે કે ગામના બધા પોલીસ સ્ટેશન આવેલા અને ગામ લોકોએ ફરીયાદ લખાવેલી અને મે તેમાં માત્ર સહી કરેલી.''

આમ, ફરીયાદપક્ષના મહત્વના સાહેદોએ ફરીયાદને સમર્થનકર્તા હકીકતો જણાવેલ નથી. એટલે કે આરોપીએ **ભારતીય ન્યાય સંહિતાની કલમ–૭૫(૨) માં જણાવ્યા મુજબનું કોઇ કૃત્ય કરેલ હોય તે દર્શાવતો કોઇ પુરાવો ફરીયાદપક્ષના પુરાવામાં જણાય આવતો નથી.**જેથી આરોપી વિરુધ્ધ **ભારતીય ન્યાય સંહિતાની કલમ– ૭૫(૨) મુજબનું તહોમત નિ:શંકપણે પુરવાર થતુ ન હોય મુદ્દા નંબર ૨ નો જવાબ 'નકારમાં' આપવામાં આવે છે.**

**૧૩. મુદ્દા નં.૩ અંગે :–**

(૧) આરોપી વિરુધ્ધ **ભારતીય ન્યાય સંહિતાની કલમ– ૬૪(૧) તથા ૬૫(૧)** મુજબનું તહોમત છે એટલે કે ફરીયાદપક્ષે એ હકીકત પુરવાર કરવી જોઇએ કે (૧) આરોપીએ કોઇ સ્ત્રી સાથે શારીરીક સંભોગ કર્યો હોવો જોઇએ. (૨) આવો શારીરીક સંભોગ સ્ત્રીની ઇચ્છા વિરુધ્ધ તથા તેની સંમતિ વગર કરવામાં આવ્યો હોવો જોઇએ અથવા

તો (૩) ભોગબનનાર કે અન્ય વ્યકિતને મૃત્યુ કે વ્યથામાં ભયમાં મુકીને તેની સંમતિ મેળવેલ હોવી જોઈએ અથવા (૪) ભોગબનનાર તેને પોતાનો પતિ માને તેવી ગેરરજુઆત ધ્વારા સંમતિ મેળવેલ હોવી જોઈએ અથવા (પ) મગજની અસ્થિરતા, બેભાનવસ્થા, નશાગ્રસ્ત વિગેરે હાલતમાં સંમતિ મેળવવામાં આવેલ હોવી જોઈએ અથવા **(૬) સંમતિ અથવા ન હોય, પરંતુ ૧૮ વર્ષથી ઓછી વયની સ્ત્રી સાથે સંભોગ કરવામાં આવ્યો હોવો જોઈએ.**

(૨) આ સંદર્ભમાં પ્રસ્તુત કેસની હકીકત જોવામાં આવે તો આરોપી વિરુધ્ધ ભોગબનનાર સાથે તેની મરજી વિરુધ્ધ  બળાત્કાર કર્યાનો આક્ષેપ છે. જયારે બળાત્કાર કર્યાનો આક્ષેપ હોય ત્યારે તે અંગનો શ્રેષ્ઠ પુરાવો એ ભોગબનનાર જ આપી શકે અને જો ભોગબનનારનો પુરાવો સંપુર્ણ ભરોષાપાત્ર અને વિશ્વનીય હોવાનુ અદાલતને જણાય તો એક માત્ર ભોગબનનારના પુરાવા પર આધાર રાખી અને અન્ય કોઈ પુરાવાનુ સમર્થન ન હોય તો પણ આરોપીને તકસીરવાન ઠરાવવા માટે પુરતો છે. એટલે કે ભોગબનનારનો પુરાવો ભરોષાપાત્ર અને વિશ્વસનીય હોવાની હકીકત ફરીયાદપક્ષે જણાવવી જરૂરી છે.આ સંબંધે ભોગબનનારનો પુરાવો એ અતિ મહત્વનો છે. **ભોગબનનાર (સાહેદ નં.૨) નાએ  આંક –૧૩ થી અદાલત સમક્ષ પુરાવો આપેલ છે.** પણ તેઓ ફરીયાદને સમર્થન કરતા પુરાવો રજુ કરતા ના હોય ફરીયાદપક્ષે તેઓને ફરી ગયેલા જાહેર કરેલ છે. તેઓને વિ.પ્રોસીકયુટર દ્વારા ઉલટ તપાસ કરવામાં આવેલી છે જેમાં પણ તેઓએ ફરીયાદને અનુમોદન આપતો પુરાવો રજુ કરેલ નથી. આરોપી તરફે સાહેદની ઉલટ તપાસ લેવામાં આવેલી છે જેમાં સાહેદે સ્વીકારેલ છે કે,

> ''એ વાત ખરી છે કે પોલીસે ફકત મારુ નામ–ઠામ સરનામુ પુછેલુ.એ વાત ખરી છે કે આરોપી અને મારુ ઘર સામીસામે આવેલ છે અને વચ્ચે રોડ છે. એ વાત ખરી છે કે પ્લોટ બાબતે અમારી વચ્ચે તકરાર ચાલે છે.એ વાત ખરી છે કે બનાવના દિવસે પણ

> પ્લોટ બાબતે ઝગડો થયેલો.એ વાત ખરી છે કે આરોપીએ મારી સાથે કોઈ શારીરીક સંબંધ બાંધેલ નથી.એ વાત ખરી છે કે ડોકટર રૂબરૂ તથા જજ સાહેબ સમક્ષ નિવેદન મારી માતાના કહેવા મુજબ લખાવેલ.''

**<u>ભોગબનનારે વિ.મેજીસ્ટ્રેટ સમક્ષ બી.એન.એસ.એસ.ની કલમ–૧૮૩</u> મુજબનુ નીવેદન આપેલ જે આંક–૧૪ થી** રજુ થયેલ છે જેમાં તેઓએ કોર્ટમાં આપેલા પુરાવાથી વિરુધ્ધની હકીકતો જણાવેલી છે. વધુમાં, **આંક–૧૫ વાળા તબીબી સાહેદ ( સાહેદ નં.૩) શ્રી ડો.મેહુલભાઇ દેવકરણભાઇ પટેલનો** પુરાવો જોવામાં આવે તો તેઓ પોતાના પુરાવામા જણાવે છે કે ભોગબનનારે તેમના રૂબરૂ એવી હિસ્ટ્રી લખાવેલ કે,

> ''સચીન મારા ઘરની સામે ત્રણ વર્ષથી રહે છે.તા.૩૦–૦૧–૨૦૨૫ નારોજ તે રાત્રે મારા ઘરે આવેલ, તે દરમિયાન અમોએ સંભોગ કરેલ, ત્યારબાદ મે એને આવુ જબરદસ્તી કરવાની ના પાડેલ પરંતુ તે મારા ઘરે બે વાર આવીને જબરદસ્તી કરેલ ત્યારબાદ તે મને ધમકી આપતો હતો જેથી મે કંટાળીને અઠવાડીયા પહેલા મારા ઘરે કહેતા અમોએ પોલીસ કેસ કરેલ."

વધુમાં, **આંક–૧૮ વાળા તબીબી સાહેદ ડો.કૌમીલ ભરતભાઇ શાહ ( સાહેદ નં.૪)** નો પુરાવો જોવામાં આવે તો તેઓ પોતાના પુરાવામા જણાવે છે કે ભોગબનનારે તેમના રૂબરૂ એવી હિસ્ટ્રી લખાવેલ કે,

> '' આરોપી સચીનભાઇને તેઓ અંદાજે બે વર્ષથી ઓળખે છે.આરોપી સચીનભાઇ તા.૩૦/૦૧/૨૦૨૫ નારોજ રાત્રે અંદાજે ૧–૦૦ વાગ્યે જયારે ભોગબનનાર પોતાના ઘરે શામપુર ખાતે સુતા હતા ત્યારે આરોપીએ ભોગબનનારના ઘરે જઇ ધાક ધમકી આપી તેણીની ઇચ્છા વિરુધ્ધ તેણીની સાથે જબરદસ્તી કરી શારીરીક સુખ માણેલ હતુ અને આરોપીએ ભોગબનનારને એવી ધમકી આપેલી હતી કે જો આ વિશે તે કોઇને જાણ કરશે તો તેના ભાઇને મારી નાખશે.''

ફરીયાદ પક્ષે **તપાસ કરનાર અધિકારી કરણસિંહ દિલીપસિંહ ગોહિલ (સાહેદ નં.૫) નાએ આંક–૨૬** અદાલત સમક્ષ પુરાવો આપેલ છે જેમાં

તેઓએ તપાસની કાર્યવાહી કરેલ તેની હકીકતો જણાવે છે.આમ ફરીયાદપક્ષ તરફે રજુ થયેલ ભોગબનનારનો પુરાવો, તબીબી સાહેદોનો પુરાવો અને તપાસ કરનાર અધિકારીના પુરાવાને ધ્યાને લેતાં (૧) આરોપી અને ભોગબનનાર વચ્ચે જાતીય સમાગમ ભોગબનનાર સગીર હતી તે વખતે બંધાયેલ નથી.(૨) આરોપીએ ભોગબનનાર સાથે તેની મરજી વિરુધ્ધ શરીર સંબંધ બાંધેલ હોવાનું પુરવાર થતુ નથી. ભારતીય પુરાવા અધિનીયમની કલમ– ૧૧૪ (ક) નુ અનુમાન આરોપીની તરફેણમાં કરવાનુ રહેતુ નથી. જેથી **આરોપી વિરુધ્ધ ભારતીય ન્યાય સંહિતાની કલમ– ૬૪(૧) તથા ૬૫(૧) મુજબનુ તહોમત નિ:શંકપણે પુરવાર થતુ ન હોય મુદ્દા નં.૩ નો જવાબ 'નકારમાં'આપુ છુ.**

**૧૪. મુદ્દા નં.૪ અંગે :–**

ફરીયાદપક્ષે આરોપીએ ભોગબનનારને જાનથી મારી નાખવાની ધમકી આપેલ હોવાનું તહોમત છે. જે અનુસંધાને રેકોર્ડ ઉપરના પુરાવાની ચર્ચા કરતા પહેલા ભારતીય ન્યાય સંહિતાની કલમ– ૩૫૧(૩) તથા તેની સાથે કલમ – ૩૫૧(૧) વંચાણે લેવામાં આવે તો, ભારતીય ન્યાય સંહિતા ની કલમ –૩૫૧(૩) વંચાણે લેવામાં આવે તો "જો ધમકી મૃત્યુ નિપજાવવાની અથવા મહાવ્યથા કરવાની અથવા આગથી કોઈ મિલકતનો નાશ કરવાની અથવા મોતની, આજીવન કેદની અથવા સાત વર્ષ મુદ્દત સુધીની કેદની શિક્ષાને પાત્ર ગુનો કરવાની હોય અથવા સ્ત્રી પર ચારિત્ર્યહીનતાનું આળ મૂકવાનું હોય". આ કામે ફરિયાદી તથા અન્ય સાહેદોની જુબાની વંચાણે લેવામાં આવે તો આરોપી દ્વારા આપવામાં આવેલ ધમકીના કારણે ફરિયાદી કે સાહેદો કાર્યો કરવા માટે કાયદેસર અધિકૃત ન હોય તેવું કૃત્ય કરવા બીકના કારણે કરવા ફરજ પડેલ હોય તેમજ જે કાર્ય કરવાનું સદરહું ફરિયાદી કે સાહેદોને કાયદેસરની ફરજ હતી તેવું કૃત્ય આરોપીની ધમકીની બીકના કારણે કરેલ ન હોય તેવો કોઈ પુરાવો રેકોર્ડ ઉપર આવેલ નથી. તેમજ

...16

આ કલમની જોગવાઈ મુજબ ના. ગુજરાત હાઈ કોર્ટ દ્વારા Jivanbhai Devjibhai Bhogayata Vs. Mohanbhai Purshottam Mokariya Brahmin and Ors. [2015] 0 Supreme (Guj) 192 ના ચુકાદામાં હાલના ગુના સબબ પ્રસ્થાપિત સિદ્ધાંતો મુજબ કોઈ ભયસૂચક પરિસ્થિતિ ફરિયાદીને જણાઈ આવેલ હોવા બાબતે કોઈ હકીકત પુરવાર કરવામાં આવેલ નથી. ત્યારે હાલના સંજોગોમાં ફરિયાદ પક્ષ આરોપી વિરુદ્ધ ભારતીય ન્યાય સંહિતાની કલમ ૩૫૧(૩) હેઠળનો ગુનો નિઃશંકપણે સાબિત કરવામાં નિષ્ફળ ગયેલ છે.જેથી **આરોપી વિરુધ્ધ ભારતીય ન્યાય સંહિતાની કલમ-૩૫૧(૩) મુજબનુ તહોમત નિ:શંકપણે પુરવાર થતુ ન હોય મુદ્દા નં.૪ નો જવાબ 'નકારમાં'આપુ છુ.**

**૧૫. <u>મુદ્દા નં.૫ અંગે</u> : -**

આરોપી વિરુધ્ધ **પોકસો એકટની કલમ-૪,૮,૧૨** મુજબનું તહોમત છે એટલે કે ફરીયાદપક્ષે એ હકીકત પુરવાર કરવી જોઇએ કે આરોપીએ ભોગબનનાર સાથે પ્રવેશ જાતીય હુમલો કે જાતીય સતામણી કરેલ છે પરંતુ મુદ્દા નં.૧ ના પેરા નં. ૧ માં ચર્ચા કરેલ છે તે મુજબ ભોગબનનાર સગીર હોવાની હકીકત પુરવાર કરવામાં ફરીયાદપક્ષ નિષ્ફળ નિવડેલ છે. આમ ભોગબનનાર જયારે સગીર હોવાનુ પુરવાર થયેલ નથી તે સંજોગોમાં આરોપી વિરુધ્ધ પોકસો એકટ અન્વયેનુ તહોમત ટકવાપાત્ર નથી. સંજોગોમાં આરોપી વિરુધ્ધ **પોકસો એકટની કલમ- ૪,૮,૧૨ મુજબનુ તહોમત નિ:શંકપણે પુરવાર થતુ નથી.મુદ્દા નં.૫ નો જવાબ 'નકારમાં'આપુ છુ.**

૧૬. <u>મુદા નં.૬ અંગે</u> :–

ઉપરોકત મુદા નંબર ૧ થી ૫ માં ચર્ચા કરેલ છે તે હકીકતો ધ્યાને લેતા ફરીયાદપક્ષ આરોપી વિરુધ્ધ **ભારતીય ન્યાય સંહિતાની કલમ:– ૬૪(૧), ૬૫(૧),૭૫(૨),૩૫૧(૩) તથા પોકસો એકટની કલમ– ૪,૮,૧૨** મુજબનુ તહોમત નિ:શંકપણે પુરવાર કરી શકેલ નથી. <u>આ સંજોગોમાં ભોગબનનારને વળતર આપવાનુ વ્યાજબી કારણ જણાય આવતુ ન હોય વળતર અંગે કોઈ હુકમ કરવાનો રહેતો નથી અને જો ભોગબનનારે વચગાળાની વળતરની અરજી કરેલ હોય તે અરજી રદ કરવામાં આવે છે.</u> **જેથી મુદા નં.૬ અન્વયે નીચે મુજબનો આખરી હુકમ કરું છું.**

## <u>:: આખરી હુકમ ::</u>

**૧.** આરોપી **સચીનકુમાર કનુસિંહ કાળુસિંહ ચૌહાણ** ઉં.આ.વ.૨૨, રહેવાસીઃ શામપુર તા.મોડાસા જી.અરવલ્લી નાઓને ભારતીય ન્યાય સંહિતાની કલમ–૬૪(૧), ૬૫(૧), ૭૫(૨), ૩૫૧(૩) તથા પોકસો એકટની કલમ–૪, ૮, ૧૨ મુજબના શિક્ષાપાત્ર ગુન્હામાંથી બી.એન.એસ.એસ.ની કલમ– ૨૫૮(૧) અન્વયે **નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.**

**૨.** આરોપીએ બી.એન.એસ.એસ.ની કલમ–૪૮૧ અન્વયે અપીલ પીરીયડ સુધીના અત્રેની કોર્ટ સમક્ષ રૂ।.૧૫,૦૦૦/– (અંકે રૂપિયા પંદર હજાર પુરા) ના જામીન તથા જાતજામીન આપવાના રહેશે.

3. મુદ્દામાલ પાવતી નં.૬૩/૨૦૨૫ થી કબજે કરેલ રેડ મી ૧૨ મોડલનો મોબાઇલ જેમાં જીઓ કંપનીનું સીમકાર્ડ ૯૫૧૦૪૫૮૦૯૪ ના હોય જેનો IMEI નંબર ૮૬૬૧૪૯૦૬૪૬૧૮૨૬૫ તથા બીજો IMEI નંબર ૮૬૬૧૪૯૦૬૪૬૧૮૨૭૩ ના મોબાઇલ ફોન સંબંધે જો વચગાળાનો હુકમ કરવામાં આવેલ હોય તો આથી કાયમ રાખવામાં આવે છે અને અગર જો કોઈ હુકમ કરવામાં ન આવેલ હોય તો તેના ખરા માલીકને ખરાઇ કરી પરત કરવાનો હુકમ કરવામાં આવે છે જયારે અન્ય મુદ્દામાલનો અપીલ સમય બાદ નાશ કરવા હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ તારીખ:-૨જી, માહે- મે, સને- ૨૦૨૬ નારોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા. ૦૨/૦૫/૨૦૨૬
મોડાસા

**(સુનિલ મનહરભાઇ કામદાર)**
**સ્પેશ્યલ જજ-પોક્સો**
અરવલ્લી જીલ્લા, મોડાસા
**જજ કોડ જીજે૦૦૯૮૪**

જે.બી.રાઠોડ

## Appendix

**[As per Direction of Hon'ble Apex Court in case of Manoj Jethabhai Parmar v/s State of Gujarat in Criminal Appeal No.2973/2023]**

**[A] Specimen Chart for Witnesses Examined:-**

| Prosecution Witness No. | Name of Witness | Description |
|---|---|---|
| ૧. | રૂપલબેન બળવંતસિંહ ચૌહાણ | ફરીયાદી |
| ૨. | ભોગબનનાર | ભોગબનનાર |
| ૩. | ડો.મેહુલભાઇ દેવકરણભાઇ પટેલ | તબીબી સાહેદ |
| ૪. | ડો.કૌમીલ ભરતભાઇ શાહ | તબીબી સાહેદ |
| ૫. | કરણસિંહ દિલીપસિંહ ગોહીલ | ત.ક.અમલદાર |

**[B] Specimen Chart for Exhibited Documents:-**

| Exhibit No. | Description of the Exhibit | Proved by/ Attested by |
|---|---|---|
| ૧૨ | ફરીયાદ | સાહેદ નં.૧ |
| ૧૪ | બી.એન.એસ.એસ.ની કલમ ૧૮૩ મુજબનું ભોગબનનારનું નિવેદન | સાહેદ નં.૨ |
| ૧૬ | ભોગબનનારનો યુરીન પ્રેગનન્સી ટેસ્ટ રીપોર્ટ | સાહેદ નં.૩ |
| ૧૭ | ભોગબનનારનું શારીરીક તપાસણી સર્ટીફીકેટ | સાહેદ નં.૩ |
| ૧૯ | ભોગબનનારનું શારીરીક તપાસણી સર્ટીફીકેટ | સાહેદ નં.૪ |

| | | |
|---|---|---|
| ૨૨ | ગુનાવાળી જગ્યાનું પંચનામું | આરોપી તરફે કબુલ રાખેલ છે. |
| ૨૩ | ભોગબનનારના કપડાનું પંચનામું | આરોપી તરફે કબુલ રાખેલ છે. |
| ૨૪ | આરોપીની શરીર સ્થિતીનું પંચનામું | આરોપી તરફે કબુલ રાખેલ છે. |
| ૨૫ | આરોપીનું શારીરીક તપાસણી સર્ટીફીકેટ | આરોપી તરફે કબુલ રાખેલ છે. |
| ૨૭ | સુચિપત્ર | સાહેદ નં.૫ |
| ૨૮ | ભોગબનનનરનું શાળા છોડયાનું પ્રમાણપત્ર | સાહેદ નં.૫ |
| ૨૯ | ભોગબનનનરનું જન્મનું પ્રમાણપત્ર | સાહેદ નં.૫ |
| ૩૦ | સરકારી પંચો ફાળવવાની યાદી | સાહેદ નં.૫ |
| ૩૧, ૩૨ | ભોગબનનારની મેડીકલ તપાસ કરાવવા યાદીઓ | સાહેદ નં.૫ |
| ૩૩ | મદ્ધામાલ રવાનગીપત્રક | સાહેદ નં.૫ |
| ૩૪ | મુદ્ધામાલ મળ્યાની પહોંચ | સાહેદ નં.૫ |
| ૩૫ | બાયોલોજી અને સીરોલોજી પૃથ્થકરણ અહેવાલ | સાહેદ નં.૫ |

**[C] Specimen Chart for Material Objects/Muddamals:-**

| Material Objects No. | Description of the Exhibit | Proved by/ Attested by |
|---|---|---|
| - | - | - |
| - | - | - |



સ્પે.જજ(પોક્સો),મોડાસા